૨

નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ હસ્તકની શિષ્યવૃતિની યોજનાઓમાં ટેકનીકલ સપોર્ટ માટે આઉટસોર્સથી ૦૨ સોફ્ટવેર ડેવલોપરની સેવા લેવા બાબત..

નવી બાબત- વર્ષ:-૨૦૨૦-૨૧, રકમ રૂ.૦૬.૦૦ લાખ

ગુજરાત સરકાર
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ
સુધારા ઠરાવ ક્રમાંક:મકમ/૧૦૨૦૨૦/૧૧૩૪૮૬/જ.
સચિવાલય, ગાંધીનગર.
તા:- ૧૯/૦૧/૨૦૨૧.

**વંચાણમાં લીધા:-**

(૧) વિભાગનો તા:૨૩/૦૯/૨૦૨૦નો સરખા ક્રમાંકનો ઠરાવ.

(૨) નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણનો તા.૨૬/૧૦/૨૦૨૦નો પત્ર ક્રમાંક: અજાક/ગ-૧/૧/૨૦૨૦-૨૧/૫૬૪૫.

**આમુખ:-**

વંચાણે લીધેલ ક્રમ-૧ પરના વિભાગના તા:૨૩/૦૯/૨૦૨૦ના ઠરાવથી આઉટસોર્સીગ દ્વારા ૦૨ સોફ્ટવેર ડેવલોપરની સેવાઓ પ્રતિમાસ રૂ|. ૨૫,૦૦૦/- લેખે સરકાર માન્ય એજન્સી મારફતે લેવા માટે રૂ|. ૦૬.૦૦ લાખની નાણાકીય વર્ષ વર્ષ ૨૦૨૦-૨૧ની નવી બાબતને વહીવટી મંજૂરી આપવામાં આવેલ હતી.

વંચાણે લીધેલ ક્રમ-૨ પરના નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણના તા:૨૬/૧૦/૨૦૨૦ના પત્રથી ૦૨ સોફ્ટવેર ડેવલોપરની સેવાઓ પ્રતિમાસ રૂ|. ૨૫,૦૦૦/- લેખેની સામે ૦૧ ડેવલોપર (આઉટસોર્સ)* અંદાજે ૫૦,૦૦૦ (માસિક) લેખે રૂ|. ૬.૦૦ લાખ લેખે ટેકનિકલ મેનપાવર પૂરો પાડવા દરખાસ્ત કરેલ હતી.

**ઠરાવ:-**

નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણની ઉપર્યુક્ત દરખાસ્ત પરત્વે પુખ્ત વિચારણાને અંતે, ૦૨ સોફ્ટવેર ડેવલોપરની સેવાઓ પ્રતિમાસ રૂ|. ૨૫,૦૦૦/- લેવા આપેલ વહીવટી મંજૂરીમાં સુધારો

કરી ૦૨ સોફટવેર ડેવલોપરની સેવાઓ પ્રતિમાસ રૂ. ૩૫,૦૦૦/- લેખે 'GIL' મારફતે આઉટસોર્સીંગથી રૂ.૬.૦૦/- લાખની બજેટ જોગવાઈની મર્યાદામાં લેવાનું ઠરાવવામાં આવે છે.

આ ઠરાવ આ વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ ઉપર નાણાં વિભાગની તા.૦૬/૦૧/૨૦૨૧ની નોંધથી મળેલ મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(દિગ્વિજયસિંહ કુંપાવત)
સેકશન અધિકારી
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

પ્રતિ,

1. માન. મંત્રીશ્રી(સા.ન્યા)ના અંગત મદદનીશશ્રી, સચિવાલય, ગાંધીનગર.
2. અધિક મુખ્ય સચિવશ્રી(સા.ન્યા)ના અંગત મદદનીશશ્રી, સચિવાલય, ગાંધીનગર.
3. અધિક મુખ્ય સચિવશ્રી, નાણા વિભાગના અંગત મદદનીશશ્રી, સચિવાલય, ગાંધીનગર.
4. નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
5. એકાઉન્ટન્ટ જનરલ, અમદાવાદ/ રાજકોટ.
6. પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર/અમદાવાદ
7. નાણા સલાહકારશ્રી(સા.ન્યા.), નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
8. સેક્શન અધિકારીશ્રી, બજેટ શાખા, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
9. સેક્શન અધિકારીશ્રી, કોમ્પ્યુટર સેલ, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર. ઉક્ત ઠરાવ વિભાગની વેબસાઈટમાં જ-શાખાના ઠરાવોની યાદીમાં સામેલ કરવાની વિનંતી સાથે.
10. પસંદગી ફાઇલ-૨૦૨૧.